તાપમાન
મહત્તમ : ૨૭.૨ ડીગ્રી
લઘુતમ : ૨૬.૨ ડીગ્રી
ભેજ
સવારે ૯૨ ટકા ● સાંજે ૮૭ ટકા

ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૧) અંક નં. ૧૪૮ | ૭ ઓગસ્ટ, ૨૦૧૬, રવિવાર ; શ્રાવણ સુદ - ૫ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

આજે રૂપાણી-મંત્રીમંડળનો રાજ્યાભિષેક

મહાત્મા મંદિર ખાતે ૧૨.૩૯ વાગે શપથવિધિ થશે : નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલ સહિત લગભગ ૨૭ જેટલા મંત્રીઓને પણ શપથ લેવડાવાશે : અમિત શાહ, અરૂણ જેટલી, વસુંધરા રાજે તથા શિવરાજસિંહ ચૌહાણ હાજર રહેશે આ ઉપરાંત ભાજપના વરિષ્ઠ નેતાઓ ડો. મુરલી મનોહર જોષી અને લાલકૃષ્ણ અડવાણીની વિશેષ ઉપસ્થિતિ

પ્રદેશ અધ્યક્ષ પદેથી વિજય રૂપાણીનું રાજીનામુ

ગાંધીનગર, તા. ૬

ગુજરાતના મુખ્યમંત્રી તરીકે નિમણુંક થતા વિજયભાઈ રૂપાણીએ આજે પ્રદેશ ભાજપ અધ્યક્ષ પદેથી રાજીનામુ પક્ષ પ્રમુખને આપ્યુ હતુ.

ભાજપના ધારાસભ્યોની બેઠકમાં પક્ષના નેતા તરીકે વિજયભાઈ રૂપાણીની નિમણુંક કરવામાં આવતા તેઓ આવતીકાલે ગુજરાતના મુખ્યમંત્રી તરીકે શપથગ્રહણ કરશે.

આજે પત્રકારો સાથેની વાતચીતમાં વિજયભાઈ રૂપાણીએ જણાવ્યુ હતુ કે આજે પ્રદેશ પ્રમુખપદેથી પોતાનું રાજીનામુ ભાજપા પ્રમુખ અમીત શાહને મોકલી આપ્યુ છે.

તેમણે જણાવ્યું હતું કે પ્રદેશ પ્રમુખ તરીકે મેં પુરા ખંત અને મહેનતથી સંગઠનની કામગીરી બજાવી હતી અને હજુ પણ સરકાર અને પક્ષની કામગીરી પણ ખંતથી કરીશ.

ગાંધીનગર, તા. ૬

રાજયના નવા વરાયેલા મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીના મંત્રીમંડળનો આજે બપોરે ૧૨ કલાકે મહાત્મા મંદિર ખાતે શપથવિધિ સમારોહ યોજવામાં આવશે. જેમાં રાજયના રાજયપાલ શ્રી ઓ.પી. કોહલી, મુખ્યમંત્રી અને તેમના મંત્રીમંડળના સભ્યોને હોદ્દા તથા ગુપ્તતાના સોગંદ લેવડાવશે.

રાજયના મુખ્યમંત્રીપદેથી શ્રીમતિ આનંદીબેન પટેલે આપેલા રાજીનામાને પગલે ગઈકાલે ભાજપ વિધાનસભા પક્ષના નવા નેતા તરીકે વિજયભાઈ રૂપાણી અને ઉપનેતા તરીકે નીતિન પટેલની નિમણુંક કરવામાં આવી હતી. આજે આ અંગેનો વિધિવત્ પત્ર રાજભવન ખાતે રાજયપાલશ્રીને સુપ્રત કરવામાં આવતાં જ શપથવિધિની તૈયારીઓનો પ્રારંભ થયો છે.

પ્રથમ મુખ્યમંત્રી શપથ લેશે. આ પછી નાયબ મુખ્યમંત્રી અને ત્યાર બાદ કેબિનેટ મંત્રીઓ તે પછી રાજયકક્ષાના મંત્રીઓને હોદ્દા અને ગુપ્તતાના સોગંદ લેવડાવવામાં આવશે.

મહાત્મા મંદિર ખાતે યોજાનાર આ શપથવિધિ સમારોહમાં ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અમીત શાહ, ઉપરાંત મધ્યપ્રદેશના મુખ્યમંત્રી શિવરાજસિંહ ચૌહાણ, રાજસ્થાનના મુખ્યમંત્રી વસુંધરા રાજે સિંધિયા, કેન્દ્રીય નાણાંમંત્રી અરૂણ જેટલી, પુરૂષોત્તમ રૂપાલા, મનસુખભાઈ માંડવિયા ઉપરાંત ભાજપના બે દિગ્ગજ નેતા મુરલી મનોહર જોશી અને લાલકૃષ્ણ અડવાણી વિશેષ ઉપસ્થિત રહેનાર છે.

મહાત્મા મંદિર ખાતે બે અલાયદા સ્ટેજ બનાવવામાં આવનાર છે. જેમાં એક સ્ટેજ પર વિશિષ્ટ મહાનુભાવોને સ્થાન આપવામાં આવશે. જ્યારે બીજા સ્ટેટ પર શપથવિધિ સમારોહ યોજાશે.

મહાત્મા મંદિર ખાતે યોજાનાર આ શપથવિધિ સમારોહને લઈ હોલને વિશેષ રીતે સજાવવામાં પણ આવી રહ્યો છે. આ માટેની તૈયારીઓ પૂરજોશમાં ચાલી રહી છે. સામાન્ય વહીવટ વિભાગ દ્વારા આ સમગ્ર કાર્યક્રમની તૈયારીઓનું મોનીટરીંગ કરવામાં આવી રહ્યું છે.

મંદિરના હોલમાં જુદા જુદા બ્લોકમાં આમંત્રિતોને બેસવા માટેની વ્યવસ્થા ઉભી કરવામાં આવી છે. પાંચ હજારથી વધુ લોકો આ શપથવિધિ સમારોહમાં હાજરી આપશે તેવુ અનુમાન હાલ લગાવવામાં આવી રહ્યું છે. આ માટેની પુરતી તૈયારીઓ કરવામાં આવી રહી હોવાનું સામાન્ય વહીવટ વિભાગના સૂત્રોએ જણાવ્યું છે.

મોડીરાત સુધી ભાજપના હેડક્વાર્ટર કમલમ્ ખાતે મંત્રીમંડળની રચના મામલે કવાયત ચાલી હતી. કેટલા કપાશે, કેટલા નવા ચહેરા ઉમેરાશે, કોને કયો વિભાગ મળશે ? આવા તર્ક-વિતર્કોથી ગાંધીનગરમાં રાજકીય ઉત્તેજના વધતી જાય છે.

વિધાનસભા અધ્યક્ષપદેથી ગણપતભાઈ વસાવાનું રાજીનામુ

ગાંધીનગર, તા. ૬

ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ પદેથી ગણપતભાઈ વસાવાએ આજે રાજીનામુ આપ્યું છે. સંભવત તેમને મંત્રીમંડળમાં સ્થાન આપવામાં આવે તેવી શક્યતા છે.

આવતીકાલે મુખ્યમંત્રીની શપથવિધિ થનારી છે. નવા મંત્રી મંડળમાં ગણપતભાઈ વસાવાનો સમાવેશ કરવામાં આવે તેમ હોઈ તેમણે આજે વિધાનસભાના અધ્યક્ષપદેથી રાજીનામુ આપ્યું હતુ.

વિધાનસભાના અધ્યક્ષ પદ ખાલી પડતા આ પદ પર કોઈ નવી નિમણુંક કરવામાં આવશે અથવા નાયબ અધ્યક્ષને અધ્યક્ષપદે બઢતી આપવામાં આવે તેવી શક્યતા છે.

ભાડે / વેચાણ આપવાની છે
3782 Sqft દુકાન
બેંક, રેસ્ટોરન્ટ તથા કોર્પોરેટ ઓફિસ લાયક
શોપ નં.૨, ગ્રાઉન્ડ ફ્લોર, ઈન્ફોસીટી ટાવર-૨, બેંક ઓફ બરોડા પાસે, ગાંધીનગર
M : 98252 29115

ગાંધીનગર માં બંગલો વેચવાનો છે
267વાર 280વાર બાંધકામ
ગણેશ-3, બંગલા નં.1
પેટ્રોલિયમ યુનિવર્સીટી રોડ, રાયસણ ગાંધીનગર
9601355175

રાજ્યના ૭૧ તાલુકામાં ભારે વરસાદ

ધ્રોલમાં ૧૩ ઈંચથી પણ વધુ વરસાદ : ખંભાળીયામાં ટૂંકા ગાળામાં જ ૫૨૦ મીમીથી પણ વધુ વરસાદ

અમદાવાદ, તા.૬

રાજ્યના જુદા જુદા ભાગોમાં આજે પણ ભારે વરસાદ થયો છે. ઉત્તર ગુજરાત, સૌરાષ્ટ્રના વિવિધ ભાગોમાં પણ નોંધપાત્ર વરસાદ થયો છે. વરસાદના કારણે ઘણી જગ્યાઓએ પાણી પણ ભરાયા હતા. બીજી બાજુ હવામાન વિભાગ તરફથી ભારે વરસાદની ચેતવણી જારી કરવામાં આવી છે. તેના પરિણામ સ્વરૂપે તંત્ર સંપૂર્ણપણે સાવધાન થયેલું છે. આગામી દિવસોમાં પણ વરસાદી માહોલ અકબંધ રહે તેમ માનવામાં આવે છે. રાજ્યના જુદા જુદા ભાગોમાં ભારે વરસાદની સ્થિતિ વચ્ચે છેલ્લા ચોવીસ કલાકમાં ધ્રોલમાં સૌથી વધુ ૧૩ ઈંચ જેટલો વરસાદ થયો છે. કાલાવાડમાં ૧૦ ઈંચથી વધુ વરસાદ થયો છે. સવારે સાત વાગ્યા સુધીમાં જ જુદી જુદી જગ્યાઓએ ભારે વરસાદ નોંધાઈ ગયો હતો. બીજી બાજુ ભારે વરસાદના કારણે એકબાજુ તંત્રને સાવચેતીના તમામ પગલાં લેવાની ફરજ પડી રહી છે ત્યારે સૌરાષ્ટ્રમાં પણ વરસાદના કારણે ખુશીની લહેર ફેલાઈ ગઈ છે. ખંભાળીયામાં ૩૬ કલાકના ગાળામાં

● અનુસંધાન પાન-૭ પર

મુલાકાત લેવા અવશ્ય પધારો

ફ્રેન્ડશીપ ડેની ઉજવણી નિમિતે
AAPNE TOH CHHIE BINDASS ના
કલાકારો 56 BHOG માં
MULTI CUISINE RESTAURANT & BANQUET HALL
F-1,F-2, SIDDHRAJ ZAVOD, SARGASAN CROSS ROAD, S.G. HIGHWAY, GANDHINAGAR, PH.07965726565 MO.98242 33121

VAIBHAV FURNISHINGS INC.
RETAIL SHOWROOM & FACTORY OUTLET

DECOR Live beautiful | DC TEX FURNISHINGS | HOMES | COPPER | SPRINGFIT
• SOFA FABRIC • CURTAIN FABRIC • WALLPAPER • FOAM • MATTRESSES • PILLOWS • BEDSHEETS
Time : 11 a.m. to 9 p.m.
8, SIDDHRAJ ZORI, SARGAASAN - G'NAGAR
09414119651, 09829719885, 09462597151
Time : 9.30 a.m. to 7 p.m.
E 76, ELECTRONOICS ESTATE, G.I.D.C., SECTOR 26, G'NAGAR
09462597151, 09414119651

B's Den ZUMBA fitness
Make frienship with fitness.
FREE ENTRY

7 August 2016
Sunday
6:00 PM
Open theatre,
Near
GH-5 circle,
Gandhinagar
Call for free registration on
7567216669
In associate with
DAVE Event's & Entertainment
Jay Dave 97238 19039
Ami Shah 98243 04255

મોકાનો પ્લોટ વેચવાનો છે
સરગાસણ ચોકડી પાસે
અશ્વમેધ ભાગ-૨
પ્લૉટ નં. ૧૬ (૩૧૩ વાર) વેચાણથી આપવાનો છે
સંપર્ક
અતુલભાઈ - ૯૪૨૮૫ ૫૧૨૫૪
રવિભાઈ - ૯૩૭૭૨ ૯૮૧૯૮

ફ્લેટ વેચવાનો છે

સે.૨૯, 3BHK, બીજો માળ, ફુલ્લી ફર્નિશ્ડ, ઘ-૬ની નજીક, તદ્દન નવું બાંધકામ
જાનકી એપાર્ટમેન્ટ
પ્લોટ નં. ૪૦૦, ગાંધીનગર
મો. : ૯૬૨૪૨ ૧૦૩૬૫

૧૫ ઓગસ્ટથી શુભારંભ
સ્પેશિયલ નવરાત્રી બેચ
ફક્ત બાળકો અને બહેનો માટે
ગરબાની વિવિધ સ્ટાઈલની વિધિવત તાલીમ ઉપરાંત પનઘટના અનેક સ્ટેજ શોમાં સામેલ થવાની તક પણ...
દોઢીયું • પોપટીયું કચ્છી • કાઠિયાવાડી તથા રાસ-ગરબાની અવનવી સ્ટાઈલ શીખો...

ભાવિન પટેલ : 98790 57556
સમય : સાંજે ૫ થી રાત્રે ૭
પનઘટ
શ્રી અરવિંદ કેન્દ્ર, સ્વામીનારાયણ મંદીર પાસે, સેક્ટર-૨૩, ગાંધીનગર.

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225